રે. દિ. મુ. નં. ૦૩/૨૦૨૩

GJSK060000662023

**<u>વાદી તર્ફેની આંક-૦૫ ની અરજી હેઠળ હુકમ</u>**

(૧) સદર કામનાં વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ વેચાણ દસ્તાવેજ રદબાતલ કરવા તથા જાહેરાત તેમજ કાયમી મનાઇ હુકમ મેળવવા કરેલ છે અને એવી દાદ માંગેલ છે કે, ગામ : ચિઠોડા ગ્રામ પંચાયતનાં આકારણી નં. ૨૯૩ ની દુકાન પૈકી અડધા હિસ્સાની આવેલ ઉત્તર મુખની શટરવાળી દુકાન જે તા.: ૨૯/૧૧/૨૦૦૯ ની કૌટુંબીક વહેંચણીનાં આધારે વાદીનાં હિસ્સામાં આવેલ છે તેવું ઠરાવવા તેમજ સદરહુ દુકાનમાં આ કામનાં પ્રતિવાદી નં. ૨ નો કોઇ પણ પ્રકારનો હક, હિત, હિસ્સો આવેલ નથી તેવું ઠરાવવા તથા સદરહુ દુકાન વહેંચણીનાં આધારે હિસ્સે આવતી દુકાન આ કામનાં વાદીનાં નામે રેવન્યુ રેકર્ડ દાખલ કરાવવા હુકમ ફરમાવવા તથા જે દુકાન વાદીનાં માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ છે જેમાં લક્ષ્મી કૃપા બિલ્ડીગ મટીરીયલ્સનાં નામથી પેઢી આવેલ છે તે દુકાનમાં આવેલ માલ સામાન ખાલી કરાવવાનો કે રાચરચીલા ફર્નીચર દુર કરે કરાવવાનો પ્રતિવાદીઓને કે તેમનાં એજન્ટોને, આસાઇનીઓને કોઇ પણ જાતનો હકક, હિત, અધિકાર નથી તેવું ઠરાવવા તેમજ દુકાનનો ઉપયોગ ભોગવટો વાદી કે તેઓનાં વારસો તેનો ઉપયોગ ભોગવટો કરે કરાવે તો તે અટકાવવા પ્રતિવાદીઓને કોઇ હકક અધિકાર નથી તેવું ઠરાવવા મનાઇ હુકમ ફરમાવવા તેમજ સદરહુ દુકાન પ્રતિવાદી નં. ૧ નાઓને વેચાણ લેવાનો કોઇ હકક, હિત, અધિકાર નથી તેવું ઠરાવી વેચાણ દસ્તાવેજ નં. ૧૦૬/૨૦૨૧ વાળો દસ્તાવેજ કબજા, ભોગવટા વગરનો હોય વાદીની રજા, સંમતી વગરનો હોય સદરહુ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા દાદ માંગેલ છે. વાદીએ દાવા સાથે હાલની અરજી લાવી આંક-૫ થી માંગણી કરેલ છે કે,

દાવાવાળી મિલકત જે વાદીનાં પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હોય તે મિલકત આ કામનાં પ્રતિવાદીઓ કે તેમનાં એજન્ટો, એસાઇનીઓ દાવો ચાલતા સમય દરમિયાન વાદીનો કબજો, ભોગવટો દુર કરે કરાવે નહી કે તેઓનાં કબજા ભોગવટામાં કોઇ પણ પ્રકારનો હસ્તક્ષેપ કરે કરાવે નહી તેવો કામ ચલાઉ મનાઇ હુકમ ફરમાવવા તેમજ દાવાવાળી મિલકત રેવન્યુ રેકર્ડનાં ઓથા હેઠળ આ કામનાં પ્રતિવાદીઓ કોઇ પણ અન્ય ઇસમને ગીરો, બક્ષીસ કે વેચાણ કરે કરાવે નહી તેવો કામ ચલાઉ મનાઇ હુકમ ફરમાવવા દાદની માંગણી કરેલ છે.

(૨) વાદીનાં દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, પ્રતિવાદી નં. ૨ વાદીનાં સગા ભાઇ થાય છે. વાદી તથા પ્રતિવાદીનાં મર્હુમ પિતાશ્રી પટેલ સોમાભાઇ હીરાભાઇનાં ગુજરતા કાયદેસરનાં વારસદારો છે તથા તે સિવાય વારસદારોમાં અન્ય ભાઇઓ છે. તમામ વારસદારો વચ્ચે તેઓનાં પિતાશ્રીએ હયાતીમાં ખેતીની જમીન તથા તે સિવાય આવેલ તમામ જંગમ, સ્થાવર મિલકતની વહેંચણી તા. ૨૯/૧૧/૨૦૦૯ નાં રોજ કુટુંબનાં સભ્યોની હાજરીમાં તથા આગેવાનોની હાજરીમાં તથા તમામ ભાઇઓની હાજરીમાં વહેંચણી કરવામાં આવેલી. જેમાં મોજે ગામ ચિઠોડા ગ્રામ પંચાયતનાં પંચાયત આકારણી નં. ૨૯૩ ની ઉત્તર દક્ષિણ મુખવાળી પતરાવાળી બે શટરવાળી દુકાન આવેલ છે તે દુકાનનો અડધો હિસ્સો વાદીનાં હિસ્સામાં તથા અડધો હિસ્સો પ્રતિવાદી નં. ૨ નાં હિસ્સામાં આવેલો. તે વહેંચણી મુજબ વાદીનાં અડધા હિસ્સામાં નામ દાખલ કરવાનું થયેલું. ઉપરોકત આખી દુકાન પ્રથમથી જ પ્રતિવાદી નં. ૨ નાં નામે રેવન્યુ રેકર્ડ ચાલતી હતી તે રેવન્યુ રેકર્ડનાં ઓથા હેઠળ પ્રતિવાદી નં. ૨ નાઓએ વાદીની કોઇ પણ જાતની રજા, સંમતી મેળવ્યા વગર તેનો કબજો, ભોગવટો મેળવ્યા સિવાય પ્રતિવાદી નં. ૧ નાઓને બારોબાર વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. આ પ્રતિવાદી નં. ૨ કુટુંબનાં મુખ્ય કર્તા હોય હિન્દુ સંયુકત કુટુંબમાં મુખ્ય કર્તા તરીકે તેઓ કાર્ય કરતા હોય જેથી તેઓનાં પિતાશ્રીએ જે કાંઇ મિલકતો તેઓની હયાતીમાં વસાવેલી તે તમામ મિલકતોમાં મોટા ભાગની મિલકતો પ્રતિવાદી નં. ૨ નાં

નામે ખરીદ કરવામાં આવેલી. સદરહુ દાવાવાળી દુકાન કૌટુંબિક વહેંચણીનાં આધારે વાદીને મળેલ હોય વાદીનાં પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હોય તે અડધા હિસ્સામાં આવતી દુકાન પ્રતિવાદી નં. ૨ નાં નામે રેવન્યુ રેકર્ડ ચાલતી હોય, પ્રતિવાદી નં. ૨ નાઓએ વાદીનો કાયદેસરનો હકક, હિત, હિસ્સો ડુબાડી દેવા સદરહુ દુકાનનો કોઇ પણ જાતનો કબજો ભોગવટો મેળવ્યા સિવાય કે વાદીની રજા, સંમતી મેળવ્યા સિવાય પ્રતિવાદીઓએ મેળાપીપણામાં વાદીનાં હિસ્સાની દુકાનનો વેચાણ દસ્તાવેજ નં. ૧૦૬/૨૦૨૧ થી વેચાણ દસ્તાવેજ બનાવી દીધેલ છે અને આ બાબતે તપાસ કરતા આ કામનાં પ્રતિવાદી નં. ૨ નાઓને નોટીસ પાઠવેલી તે નોટીસનો ઉડાઉ જવાબ આપેલ ત્યારબાદ તા.: ૩૦/૧૨/૨૦૨૨ નાં રોજ અમારા હિસ્સામાં આવેલ દુકાન ઉપર આવી આ કામનાં પ્રતિવાદીઓ એવું જણાવેલ કે, ''આ દુકાનનો સામાન ખાલી કરી દે જે નહીતર સામાન બહાર ફેંકી દુકાનને તાળુ મારી દઇશ'' તેમ કહી ધાક ધમકીઓ આપેલી અને તે સમયે અમારા પુત્ર આ દુકાન અમારી છે તેવું કહેવા છતા આ કામનાં પ્રતિવાદીઓ મા-બેન સામી બિભત્સ ગાળો બોલી સાની દુકાન? અને આવી કોઇ દુકાન વહેંચણીમાં તમોને આપેલ નથી તેમ કહી બિભત્સ વર્તન કરેલ ત્યારથી સદરહુ દાવાનું ઉત્તારો-ઉત્તાર કાર ઉત્પન્ન થયેલ હોય હાલનો દાવો કરેલ છે.

(૩) વાદીનાં દાવા તથા હાલની અરજી અંગે પ્રતિવાદીઓને સમન્સ નોટીસ કરતા પ્ર તિવાદીઓ તેઓનાં વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ તથા આંક-૧૮ થી વાદીની દાવા અરજી તથા હાલની અરજીનો સંયુકત જવાબ રજુ કરી વાદીની દાવા તથા મનાઇ અરજીમાંની હકીકતોનો ઇનકાર કરેલ છે તથા પ્રતિદાવો કરી વાદીની દાવા અરજીની મહદઅંશે તમામ હકીકતોનો ઇનકાર કરી એવું જણાવેલ છે કે, પ્રતિવાદી નં. ૨ નાં પિતાશ્રી પટેલ સોમાભાઇ હીરાભાઇનાં ગુજરતા વારસદારોમાં આ કામનાં વાદી તથા પ્રતિવાદી નં. ૨ તેમજ પેલ જીવાજી સોમાજી તથા પટેલ મણીલાલ સોમાજી તથા પટેલ શંકરભાઇ સોમાજી તથા પટેલ સવિતાબેન સોમાજી તથા પ્રતિવાદી નં. ૨ નાં માતૃશ્રી પટેલ રતનબેન સોમાજીનાઓ છે. પટેલ રતનબેન

સોમાજી તથા પટેલ મણીલાલ સોમાજી ગુજરી ગયેલ છે અને પટેલ મણીલાલ સોમાજી ગુજરતા તેમના વારસદાર પટેલ પાનીબેન મણીલાલ તથા પટેલ કૃણાલ મણીલાલનાઓ છે. પટેલ સોમાભાઇ હીરાભાઇ તા.: ૦૮/૧૧/૨૦૧૧ નાં રોજ ગુજરી ગયેલ છે અને સોમાભાઇ હીરાભાઇની માલિકી કબજા ભોગવટાની મિલકત તેઓની હયાતીમાં વહેંચણી થઇ ગયેલ છે. પટેલ સોમાભાઇ હીરાભાઇનાં ગુજરી ગયા બાદ તેઓની કોઇ મિલકત વહેંચણી કરવાની રહી ગયેલ નથી. પટેલ સોમાભાઇ હીરાભાઇની મિલકતોની વહેંચણી તા.: ૨૯/૧૧/૨૦૦૯ નાં રોજ કરવામાં આવેલ નથી પરંતુ તે પહેલા વહેંચણી થઇ ગયેલ છે. પ્રતિવાદી નં. ૨ નાઓએ મોજે ચિઠોડા ગામતળની જમીનમાં હિંમતનગર, સાબરકાંઠા કલેકટર કચેરીમાંથી મંજુરી મેળવી જેનો હુકમ નં. જમીન/વશી/૪૪૩૬/૨૦૦૦, તા.: ૨૯/૦૮/૨૦૦૦ થી ૫૦.૪૧ ચો.મી. જમીન મંજુર કરાવેલી. ત્યારબાદ પંચાયતની મંજુરી મેળવી પ્રતિવાદી નં. ૨ નાઓએ પતરવાળી દુકાનો બે બનાવેલ હતી. આ મિલકતનાં પ્રતિવાદી નં. ૨ સ્વતંત્ર માલિક કબજેદાર હોય આ મિલકતમાં વાદીનો કોઇ લાગભગ, હકક કે હિસ્સો આવેલ નથી. સદર પતરાવાળી દુકાન પૈકી દક્ષિણ તરફની દુકાન પ્રતિવાદી નં. ૨ નાએ તા.: ૩૧/૦૫/૨૦૧૮ નાં રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી પ્રતિવાદી નં. ૧ ને વેચાણ આપેલ છે અને પ્રતિવાદી નં. ૧ નાએ માલિક તરીકે કબજો ભોગવટો સંભાળી લીધેલ છે. ત્યારબાદ ઉત્તર તરફની દુકાન પ્રતિવાદી નં. ૨ નાએ પ્રતિવાદી નં. ૧ ને તા.: ૦૩/૦૯/૨૦૨૧ નાં રોજ રજીસ્ટર્ડ દસ્તાવેજ નં. ૧૦૬/૨૦૨૧ થી કાયદેસરનાં વેચાણ અવેજ રૂા. ૪૦,૦૦૦/- થી વેચાણ આપેલ છે. પ્રતિવાદી નં. ૧ દાવાવાળી મિલકતનાં બોનાફાઇડ પરચેઝર છે. સદર દાવાવાળી મિલકતમાં વાદીનો કોઇ કબજો હતો નહી, પરંતુ પ્રતિવાદી નં. ૨ ઉમરલાયક હોય પ્રતિવાદી નં. ૨ નાં દિકરાઓ દુકાને બેસવાનાં ના હોય રજીસ્ટર્ડ વેચાણ દસ્તોજ થતા પહેલા પ્રતિવાદી નં. ૨ નાઓ હોટલ ચલાવતા હતા અને આ વખતે વાદી બાબુભાઇ સોમાભાઇનાં દિકરા મગનભાઇ પ્રતિવાદીની ગેરહાજરીમાં સંભાળતા હતા તેનો ગેરલાભ લઇ વાદી તદ્દન ખોટી રીતે ખોટી હકીકતો ઉભી કરી ગેરકાયદેસર રીતે વાદગ્રસ્ત

મિલકતનો કબજો કરવા પ્રયત્ન કરી રહેલા છે. દાવાવાળી મિલકતનાં સ્થાનિક પંચાયત રેકર્ડ પણ પ્રતિવાદી નં. ૧ નાં નામે કરવામાં આવેલ છે તથા વેચાણ દસ્તાવેજ થતા પહેલા તમામ વેરાઓ પ્રતિવાદી નં. ૨ ભરતા હતા તથા ત્યારબાદ પ્રતિવાદી નં. ૧ વેરાઓ ભરતા આવેલ છે. આ કામનાં વાદીએ તદ્દન ખોટું અને ગેરકાયદેસર વહેંચણ લેખ ઉભુ કરેલ છે અને તેમાં જે સહીઓ કરવામાં આવેલ છે તે પાછળથી ઉભી કરવામાં આવેલ છે. જેથી પ્રતિવાદીઓએ કાઉન્ટર કલેઇમ કરી પ્રતિવાદી નં. ૧ દાવાવાળી મિલકતનાં કાયદેસરનાં સ્વતંત્ર માલિક કબજેદાર છે તેવું ઠરાવવા તથા આ મિલકતમાં વાદીનો કોઇ લાગ ભાગ હકક કે હિસ્સો નથી તેવું ઠરાવવા તથા દાવાવાળી મિલકતમાં વાદી કે તેમનાં માણસો, એજન્ટો કે નોકરો પ્રવેશ કરે કરાવે નહી તેમજ સદર મિલકતનો વાપર ઉપયોગ, ભોગવટો પ્રતિવાદી નં. ૧ ને કરતા કરાવતા આ કામનાં વાદી કે તેમનાં માણસો, એજન્ટો કે નોકરો કોઇ પણ પ્રકારે અંતરાય કે અડચણ થાય તેવું કોઇ કૃત્ય કરે કરાવે નહી તેવી દાદની માંગણી કરેલ છે.

(૪) વાદી પક્ષે હાલનાં કામે નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ છે.

| <u>ક્રમ</u> | <u>વિગત</u> | <u>માર્ક</u> |
|---|---|---|
| ૧. | તા.: ૨૯/૧૧/૨૦૦૯ નાં રોજ વહેંચણી કરારની ઝેરોક્ષ નકલ | માર્ક ૩/૧ |
| ૨. | વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૧૦૬/૨૦૨૧ ની ઝેરોક્ષ નકલ | માર્ક ૩/૨ |
| ૩. | વહેંચણી બાબતે ગામ આગેવાનો દ્વારા કરી આપેલ સોગંદનામાંની ઝેરોક્ષ નકલ નંગ-૫ | માર્ક ૩/૩ |
| ૪. | વાદીનાં એડવોકેટ મારફતે આપેલ નોટીશની સ્થળપ્રતની નકલ | માર્ક ૩/૪ |

| | | |
|---|---|---|
| ૫. | વાદીઓનાં પેઢીનામાંની ઝેરોક્ષ નકલ | માર્ક ૩/૫ |
| ૬. | લક્ષ્મીકૃપા બિલ્ડીગ મટીરીયલનાં નામથી પેઢી આવેલ છે તેની પંચાયત રેકર્ડનાં નોંધણી પ્ર માણપત્રાની નંગ-૨ ની ઝેરોક્ષ નક | માર્ક ૩/૬ |
| ૭. | દાવાવાળી દુકાનમાં જે.કે લક્ષ્મી સીમેન્ટનાં નામથી વ્યવસાય કરતા આવેલ છે તે હકીકત દર્શાવતુ જે. કે. લક્ષ્મી કંપનીનાં સર્ટીફીકેટની નકલ | માર્ક ૩/૭ |

(૫) પ્રતિવાદી પક્ષે હાલનાં કામે નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ છે.

| <u>ક્રમ</u> | <u>વિગત</u> | <u>માર્ક</u> |
|---|---|---|
| ૧. | વિજયનગર ગામમાં ચિઠોડા ગામતળમાં આવેલ ગામતળની ૫૦.૪૧ ચો.મી.જમીન પટેલ ભીખાભાઇ સોમાભાઇનાં નામે કબુલીયાત આપેલ છે તેની જુલાઇ ૨૦૦૧ નાં રોજની ઝેરોક્ષ કોપી | માર્ક ૧૯/૧ |
| ૨. | કલેકટરશ્રી, સાબરકાંઠા, હિંમતનગર દ્રારા જમીન/વશી/ ૪૪૩૬/૨૦૦૦, તા. ૨૯/૦૮/૨૦૦૦ વાળી જમીન પૈકી દક્ષિણ તરફની ૨૫.૨૦ ચો.મી.નો પ્રતિવાદી નં. ૨ નાઓએ પ્રતિવાદી નં. ૧ ને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૮૧/૨૦૧૮ કરી આપેલ તેની ઝેરોક્ષ નકલ | માર્ક ૧૯/૨ |
| ૩. | રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૮૧/૨૦૧૮ નો ચિઠોડા ગૃપ ગ્રામ પંચાયત વિજયનગરનાઓએ પ્રતિવાદી નં. | માર્ક ૧૯/૩ |

| | | |
|---|---|---|
| | ૧ નાં નામનો ગામ નમુના નં. ૨ (ભાગ-૨ બિનખેતી) નો દાખલો આપેલ તેની ઝેરોક્ષ કોપી | |
| ૪. | પ્રતિવાદી નં. ૨ નાએ દાવાવાળી મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૦૬/૨૦૨૧ ની પ્રતિવાદી નં. ૧ ને કરી આપેલ તેની ઝેરોક્ષ નકલ | માર્ક ૧૯/૪ |
| ૫. | દાવાવાળી મિલકતનો પ્રતિવાદી નં. ૧ નાએ વેરો ભરેલ તેની પહોંચની ઝેરોક્ષ કોપી | માર્ક ૧૯/૫ |
| ૬. | દાવાવાળી મિલકતનો પ્રતિવાદી નં. ૧ નાએ વેરો ભરેલ તેની પહોંચની ઝેરોક્ષ કોપી | માર્ક ૧૯/૬ |
| ૭. | દાવાવાળી મિલકતનો પ્રતિવાદી નં. ૧ નાએ વેરો ભરેલ તેની પહોંચની ઝેરોક્ષ કોપી | માર્ક ૧૯/૭ |
| ૮. | પ્રતિવાદી નં. ૧ નાં નામે ચિઠોડા ગ્રામ પંચાયતમાં દાવાવાળી મિલકતનું સને-૨૦૨૨ તથા ૨૦૨૩ નું આકારણી પત્રક | માર્ક ૧૯/૮ |
| ૯. | ચિઠોડા ગ્રામ પંચાયત, વિજયનગરનાઓએ દાવાવાળી મિલકતનો ગામ નમુના નં. ૨ (ભાગ-૨ બિનખેતી) દાખલાની ઝેરોક્ષ કોપી | માર્ક ૧૯/૯ |

(૬) વાદી તર્ફે આંક-૨૫ થી લેખિત દલીલો રજુ રાખવામાં આવેલ છે જેને વંચાણે લીધી. પ્રતિવાદીઓ તર્ફે તેઓનાં વિ.વ.શ્રી એમ. એસ. ભગોરાની દલીલો સાંભળી તથા તેઓ તરફે કરવામાં આવેલ રજુઆત ધ્યાને લીધી.

(૭) દરમિયાન મનાઇ હુકમ એ એક સમન્યાય દાદ છે અને તેવી દાદ મેળવવા માટે વાદીએ એ બતાવવુ જોઇએ કે, પોતાનો પ્રથમ દર્શનિય કેસ છે. મનાઇ હુકમ માંગનારે વિના

વિલંબે તથા મહત્વની હકીકતો છુપાવ્યા સિવાય સ્વચ્છ હાથે આવવુ જોઇએ. આમ, સદરહુ સિધ્ધાંત નજર સમક્ષ રાખી હાલની અરજી તે પરિપ્રક્ષ્યમાં કેટલા અંશે આવશે તે જોઇશું.

અત્રે એ નોંધવુ જરૂરી છે કે આ તબકકે આ કોર્ટ દ્વારા માત્ર દાવા દરમિયાન કામ ચલાઉ મનાઇ હુકમ મેળવવાની અરજીનો નિર્ણય કરવા જઇ રહયા છીએ ત્યારે, નામદાર સર્વોચ્ચ અદાલતે Maria Margarida sequeria V/s. Erasmo Jack de sequeria Dt.21/03/2012, Civil Appli. No.2968 of 2012 નાં કેસમાં ઠરાવેલ સિધ્ધાંતો મુજબ દરમિયાન મનાઇ હુકમ અંગેની અરજી મુખ્યત્વે ત્રાણ મુદૃાઓ પ્રથમ દર્શનિય કેસ, નાણાંમાં ભરપાઇ ન થઇ શકે તેવું નુકશાન અને સગવડતા અગવડતાનું પલડુ ઉપર નિર્ણિત કરવાની હોય છે. આ ત્રાણ મર્યાદિત મુદૃાઓ કોર્ટે આ અરજીનાં નિર્ણય માટે ચકાસવાનાં રહે છે.

(૮) હવે દાવો લાવનાર વાદીનો પ્રથમ દર્શનિય કેસ છે કે કેમ તે ચકાસ્યે તો, વાદીએ પોતાની દાવા અરજીમાં એવી હકીકત જણાવેલ છે કે, દાવાવાળી તથા અન્ય મિલકતોનાં તેઓનાં સ્વ. પિતા તેઓની હયાતીમાં તા.: ૨૯/૧૧/૨૦૦૯ નાં રોજ કુટુંબનાં સભ્યો તથા આગેવાનોની હાજરીમાં વહેંચણી કરવામાં આવેલ તથા વહેંચણી મુજબ દાવાવાળી દુકાન એટલે કે મોજે ચિઠોડા ગ્રામ પંચાયતનાં પંચાયત આકારણી નં. ૨૯૩ ની ઉત્તર દક્ષિણ મુખવાળી પતરાવાળી બે શટરવાળી દુકાન આવેલ છે તે દુકાનનો અડધો હિસ્સો વાદીનાં હિસ્સામાં આવેલો. જે સંદર્ભે ચર્ચા કરીઓ તો વાદી તરફે રજુ નિશાની ૩/૧ વાળો દસ્તાવેજ એટલે કે લખાણ વંચાણે લેતા સદરહુ લખાણ તા.: ૨૯/૧૧/૨૦૦૯ નાં રોજનું જણાય આવે છે. જેમાં દાવાવાળી મિલકતનું સ્પષ્ટ અને ચોકકસ વર્ણન કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં નિશાની ૩/૩ થી જે સોગંદનામાઓની નકલો રજુ રાખવામાં આવેલ છે તેમાં પણ દાવાવાળી દુકાનનું ચોકકસ વર્ણન કરવામાં આવેલ નથી. વધુમાં નિશાની ૩/૬ તથા નિશાની ૩/૭ વાળા દસ્તાવેજો વંચાણે લેતા તેમાં પણ દાવાવાળી દુકાનનું કોઇ ચોકકસ નંબર કે વર્ણન જણાય આવતુ નથી. જયારે નિશાની ૧૯/૨ ધ્યાને લેતા તે રજીસ્તર્ડ વેચાણ દસ્તાવેજ જણાય આવે છે જે પ્ર

તિવાદી નં. ૨ દ્વારા પ્રતિવાદી નં. ૧ નાં નામે કરવામાં આવેલ છે જેમાં મિલકતનું સ્પષ્ટ વર્ણન કરવામાં આવેલ છે અને તેનાં આધારે ગામ રેકર્ડમાં નોંધ પડેલ છે જે આ કામે નિશાની ૧૯/૩ થી રજુ છે તેવી જ રીતે નિશાની ૧૯/૪ વાળો દસ્તાવેજ વંચાણે લેતા તે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ જણાય આવે છે જે પ્રતિવાદી નં. ૨ નાએ પ્રતિવાદી નં. ૧ નાં નામે કરી આપેલ છે જેમાં દાવાવાળી મિલકતનું સ્પષ્ટ વર્ણન કરવામાં આવેલ છે અને જેનાં આધારે ગામ રેકર્ડમાં પ્રતિવાદી નં. ૧ ના નામો દાખલ થયેલાનું નિશાની ૧૯/૮ તથા ૧૯/૯ વાળા દસ્તાવેજોથી જણાય આવે છે. આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ દાવાવાળી મિલકત સને-૨૦૦૯ માં વહેંચણીથી વાદીને પ્રાપ્ત થયેલ હોય અને વાદી દાવાવાળી મિલકત યાને દુકાનનો કબજો ભોગવટો ધરાવતા હોય તે હકીકત પ્રથમદર્શનિય રીતે જણાય આવતી નથી. જયારે રજુ થયેલ દસ્તાવેજો અનુસાર દાવાવાળી મિલકત પ્રતિવાદી નં. ૨ નાં નામે અને કબજા ભોગવટામાં હતી અને તેઓ દ્વારા પ્ર તિવાદી નં. ૧ નાઓને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી કાયદેસરનો અવેજ ચુકવી વેચાણ આપવામાં આવેલાની હકીકત પ્રથમદર્શનિય રીતે જણાય આવે છે. વધુમાં વાદીની અરજીનાં કથન મુજબ વહેંચણી સને-૨૦૦૯ માં થયેલ હોય વાદી દ્વારા હાલનો દાવો સને-૨૦૨૩ માં આટલા લાંબા સમય બાદ લાવેલ હોય તે સંજોગોમાં વાદીનો પ્રથમ દર્શનિય કેસ હોવાનું માનવુ આ તબકકે સલામતીભર્યુ જણાય આવતુ નથી.

(૯) હવે દાવાવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ તથા રેવન્યુ રેકર્ડ ધ્યાને લેતા દાવાવાળી મિલકતનો કબજો હાલ પ્રતિવાદી નં. ૧ નો જણાય આવતો હોય, તે તમામ હકીકતો ધ્યાને લેતા હાલનાં તબકકે વાદીની તરફેણમાં કોઇ પણ જાતનો હુકમ કરવો સલામતીભર્યુ જણાય આવતુ ન હોય, જો વાદીની તરફેણમાં કોઇ હુકમ કરવામાં આવે તો પ્રતિવાદી નં. ૧ ને વધુ અગવડતાનો સામનો કરવો પડે તેમ હોય અને પ્રતિવાદી નં. ૧ નાં દિવાની હકકોને નુકશાન જાય તેમ હોય, સગવડતા અગવડતાનું પલડુ પણ વાદીની તરફેણમાં નથી તથા વાદીને નાણાંમાં ભરપાઇ ન થઇ શકે તેવું નુકશાન જાય તેમ જણાય આવતુ નથી.

(૧૦) ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર સમન્યાયની દાદ મેળવવાનાં કોઇ પણ તત્ત્વો વાદીની તરફેણમાં ન હોય હાલની અરજી પરત્વે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

વાદીની હાલની આંક-૦૫ ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ દાવાનાં પરિણામને અનુસરશે.

આ હુકમ આજરોજ તા.: ૧૦ મી, માહે : ડીસેમ્બર, સને : ૨૦૨૫ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. : ૧૦/૧૨/૨૦૨૫

વિજયનગર.

(મોહમદસરફરાઝ અબ્દુલકાદર શેખ)

પ્રિન્સીપલ સીવીલ જજ, વિજયનગર

કોડ નં. જીજે૦૧૬૨૮